કરોડોના ખર્ચે નિર્માણ થયેલી કચેરીનું ઉદ્ઘાટન નહીં થતાં અત્યાધુનિક કચેરીનું બિલ્ડિંગ નધણીયાતું

એક એવી કચેરી જે શરૂ જ ન થઈ

કપરાડા આરટીઓ ચેકપોષ્ટની અત્યાધુનિક કચેરીનો ખર્ચ સરકારને માથે પડ્યો

કચેરી બનીને વર્ષો વીત્યા બાદ પણ ઉદ્ઘાટન થયું નથી, જેના કારણે વપરાશ વગર કચેરી ખંડેર બની ગઇ

વલસાડ : કપરાડા-નાશિક માર્ગ ઉપર કપરાડા નજીક આશરે 4 કરોડના ખર્ચે નિર્માણ કરાયેલી અત્યાધુનિક સુવિધા સાથેની આરટીઓ ચેકપોષ્ટ કચેરી એક એવી કચેરી બની છે, જેનું વર્ષો વીત્યા બાદ પણ ઉદ્ઘાટન થયું જ નથી. જેને લઈ વપરાશ વગર કચેરી ખંડેર બની રહી છે. રાજ્ય સરકાર દ્વારા અગાઉ રાજ્યની 16 આરટીઓ ચેક પોષ્ટને બંધ કરી દેવાના નિર્ણયના પગલે આશરે 4 કરોડના ખર્ચે તૈયાર કરાયેલી કપરાડા ચેકપોષ્ટ નવી કચેરી અંગે સસ્પેન્સ સર્જાયો હતો, જોકે સરકારે ચેકપોષ્ટ બંધ કરી દેતા સરકારનો ખર્ચ માથે પડ્યો હોઈ તેવું હાલ તો લાગી રહ્યું છે. સૌથી મહત્વની બાબત એ છે કે કરોડોના ખર્ચે નિર્માણ થઈ રહેલી કચેરીનું ઉદ્ઘાટન સુધ્ધાં થયું નથી. હાલે અત્યાધુનિક કચેરીનું બિલ્ડિંગ નધણીયાતું પડ્યું છે.

ચેકપોષ્ટ બંધ કરી દેતા સરકારનો ખર્ચ માથે પડ્યો

સૂત્રોના જણાવ્યા મુજબ રાજ્યના તત્કાલિન મુખ્યમંત્રી સ્વ.વિજય રૂપાણીએ વાહન ચાલકો અને ટ્રાન્સપોર્ટરોને નડતી મુશ્કેલીઓને નિવારવા રાજ્યની 16 આરટીઓ ચેકપોષ્ટને બંધ કરવાની જાહેરાત કરી હતી. જેના પગલે વલસાડ જિલ્લાના કપરાડા સ્થિત ચેકપોષ્ટનો પણ સમાવેશ થાય છે. જોકે, નિર્ણય અગાઉ ચેકપોષ્ટના આધુનિકરણ કરવાના ભાગરૂપે જેતે સમયે કાર્યરત ચેકપોષ્ટથી થોડે દુર આશરે ચાર કરોડના ખર્ચે અત્યાધુનિક ચેકપોષ્ટનું મકાન બન્યું હતું, કે જેનું ઉદ્ઘાટન પણ હજુ સુધી થયું નથી. તેના વિશે પણ સસ્પેન્સ સર્જાયું હતું. જોકે મકાન નિર્માણને પણ વર્ષો વીતી ગયા બાદ પણ ચેકપોસ્ટને શરૂ નહીં કરી શકાતી હોય તો કોઈ અન્ય સરકારી કચેરી તેમાં શરૂ કરવામાં આવે તો સરકારના ખર્ચેલા પૈસા કામમાં આવે તેવી માંગ સ્થાનિક લોકોમાં ઉઠી રહી છે.

કચેરી શરૂ કરવાનો નિર્ણય ઉચ્ચ કક્ષાએથી લેવાય છે

વલસાડ આરટીઓ કચેરીના વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું કે કચેરી શરૂ કરવા, કે ઉદ્ઘાટન કરવાનો નિર્ણય ઉચ્ચ કક્ષાએથી લેવાતો હોય છે. સ્થાનિક કક્ષાએથી કોઈ નિર્ણય લેવાતો નથી.

જૂની કે નવી કચેરીઓ આરટીઓ કચેરીમાં શરૂ કરી શકાય

કપરાડા તાલુકામાં આવેલી કેટલીક સરકારી કચેરીઓ જૂના મકાનમાં કાર્યરત છે, તો માર્ગ મકાન વિભાગ સહિતની નવી કચેરીઓ પણ શરૂ થનાર છે. ત્યારે જો જૂની કે નવી કચેરીઓ આરટીઓ કચેરીના બંધ બિલ્ડિંગમાં શરૂ કરવામાં આવે તો સરકારને કચેરી બિલ્ડિંગનો ખર્ચ પણ ન કરવો પડે, અને બંધ બિલ્ડિંગનો પણ ઉપયોગ થઈ શકે.

ગોળીબાર પ્રકરણમાં હથિયાર લાવવાના કારણો શોધાશે

બીલીમોરામાં લૂંટ કરવાના હતા કે કોઇની ગેમ કરવાનાં હતા જેવા તર્ક વિતર્ક ઉપરથી પડદો ઉચકાશે

આરોપીને ગાંધીનગર લઈ જવાયાનાં રટણ વચ્ચે બુધવારે ગણદેવી કોર્ટમાં રજૂ કરાયા, ચારેય આરોપી રિમાન્ડ પર

બીલીમોરા : ગાંધીનગર સ્ટેટ મોનિટરીંગ સેલે હથિયારના ખેપની બાતમીના આધારે મંગળવારે સવારે બીલીમોરામાં છાપો માર્યો હતો. જે વેળા સોમનાથ મંદિર પરીસરમાં પોલીસ સાથે સામસામે ગોળીબાર પ્રકરણમાં ચાર આરોપીઓને ઝડપી લેવાયા હતા.

ગાંધીનગર (એસએમસી) સ્ટેટ મોનિટરીંગ સેલે ચારેય આરોપીઓને બુધવારે સાંજે ગણદેવી કોર્ટમાં રજૂ કરતા કોર્ટે ૮ દિવસનાં રિમાન્ડ ગ્રાહ્ય રાખ્યા હતા. જેમાં હથિયાર લઈ બીલીમોરા આવવા પાછળનાં કારણો, કોની ગેમ કરવાનાં હતા કે વેચવાના હતા જેવા અનેક તર્ક વિતર્ક ઉપરથી પડદો ઉચકાશે.

ગાંધીનગર (એસએમસી) સ્ટેટ મોનિટરીંગ સેલે મંગળવારે બીલીમોરા સ્ટેશન નજીકની હોટલમાં રેડ કરી બે યુવાનોને ઝડપી લીધા હતા. જે બાદ સોમનાથ મંદિર પરીસરનાં પાર્કિંગમાં સામસામે ચાર રાઉન્ડ ગોળીબાર બાદ બે શાર્પ શૂટરને પકડી લીધા હતા. જે બાદ ચારેય આરોપીને પોલીસ જાપ્તામાં લઇ જવાયા હતા. આરોપીને ગાંધીનગર લઈ જવાયાનાં રટણ વચ્ચે બુધવાર સાંજે એકાએક એસએમસી પોલીસ ગણદેવી કોર્ટ પહોચીને ચારેય આરોપી યશસિંઘ સુંદરસિંઘ (રહે. હરિયાણા), રિષભ અશોક શર્મા (રહે. એમ.પી.), મનીષ કાલુરામ કુમાવત (રહે. બીલીમોરા, મૂળ રાજસ્થાન) (હથિયાર મંગાવનાર) અને મદન ગોપીરામ કુમાવત (રહે. રાજસ્થાન)ને ગણદેવી કોર્ટમાં રજૂ કર્યા હતા. અને ૧૦ દિવસનાં રિમાન્ડની માંગ કરી હતી. કોર્ટે ૮ દિવસનાં રિમાન્ડ ગ્રાહ્ય રાખ્યા હતા. જે દરમ્યાન પોલીસ હથિયાર લાવવાનું પ્રયોજન, કોઈની ગેમ કરવાની હતી કે કોઈ લૂંટ જેવી ઘટનાને અંજામ આપવાના હતા. જેવા તથ્યોની ચકાસણી સાથે આતંકવાદી કનેક્શનની પણ તપાસ કરશે. કોઈ ગેંગ સાથે સામેલ છે કે કેમ તે દિશામાં પણ સઘન પૂછપરછ કરાશે. હાલ લોકોમાં અનેક તર્ક વિતર્ક વહેતા થયા છે. રિમાન્ડ બાદ જ સાચી સ્થિતિ સામે આવશે.

નાની વાહિયાળમાં વીજ કંપનીની લાઇન મુદ્દે વિવાદ

ખેડૂતોની સંમતિ વગર જ કામ શરૂ કરી દેવાતા ગ્રામજનોએ ભારે વિરોધ કર્યો

આસીફ શેખ

ધરમપુર : ધરમપુર તાલુકાના નાનીવહીયાળ ગામમાં જેટકો દ્વારા હાઈટેન્સન લાઈનની કામગીરી શરૂ થતા વિરોધનો વંટોળ ઊભો થયો છે. અસરગ્રસ્તો દ્વારા સરવેમાં આગેવાનોને સાથે રાખ્યા નહીં હોવાનો પણ આક્ષેપ કરાયો હતો. સૂત્રોના જણાવ્યા મુજબ જેટકો દ્વારા હાઈટેન્શન લાઇનની કામગીરી શરૂ કરવામાં આવી છે. ખેડૂત ખાતેદારની સંમતિ વગર કામ ચાલુ કરવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરી ઉપસ્થિત કર્મચારીઓ અને ગ્રામજનો વચ્ચે મોટો વિવાદ સર્જાયો હતો. અધિકારીઓએ સ્થળ ઉપર હાજર પંચાયતના માજી સરપંચ દિલીપ પટેલ સાથે પણ જીભા જોડી કરી હતી. ઘટના સ્થળે પોલીસ હાજર હોય મામલો વધુ આગળ વધ્યો ન હતો.

દુબઈ ટુર માટે વિઝા નહીં આપનારના જામીન નામંજૂર

વાપી : ઉમરગામના સરોંડા ગામના દંપતીને દુબઈ ટુર માટે વીઝા કે ટીકીટ નહીં આપીને ગૂગલ પે થી ૮૦,૦૦૦ મેળવી ટીકીટ કે વીઝા નહીં આપતા આ અંગે ઉમરગામ પોલીસ મથકમાં ગુનો નોંધાયો હતો. સરોંડા ગામના દંપતીને દુબઈ ટુરમાં જવા ઈચ્છા હતી. તેમણે ઈન્સ્ટાગ્રામ ઉપર અમદાવાદથી દુબઈ ટુર ઓન્લી ૪૦,૦૦૦માં ચાર રાત પાંચ દિવસની જાહેરાત જોઈ આઈડી ઉપરથી ફોન નંબર મેળવી આરોપી ઉદીતકુમાર ભટ્ટ સાથે ફોન ઉપર વાત કરી હતી. ત્યાર બાદ બે મોબાઈલ નંબર ઉપર ૩૯,૯૯૯ તથા ૪૦,૦૦૧ ગૂગલ પેથી ૮૦ હજાર મોકલ્યા હતા. જોકે ત્યાર બાદ ટુર માટે વીઝા અને ટીકીટ નહીં આપતા સરોંડાના દંપતીએ તેમના રૂપિયા પરત કરવા કહ્યું હતું. ત્યારે આરોપી ઉદીતકુમારે ૧૦,૦૦૦ પરત મોકલ્યા હતા. પરંતુ ૭૦,૦૦૦ પરત નહીં કરતા ઉમરગામ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી. ત્યાર બાદ આરોપીએ વાપીની કોર્ટમાં અરજી કરતા કોર્ટે જામીન અરજી નામંજૂર કરી હતી.

લોકોના ખોબે ખોબે મત મળતા સત્તાના મોહમાં છકી ગયેલા ભાજપીઓને ચૂંટણીમાં પાઠ ભણાવવા લોકોએ નક્કી કરી લીધુ

કાવેરી સુગરને બચાવવા માટે સાદડવેલમાં ધરણાનું આયોજન

જમીન અને બાંધકામનું ૧૩૦ કરોડની વેલ્યુએશન છતાં ૭૦ કરોડ રૂપિયા બતાવી ૫૯ કરોડ રૂપિયાની હરાજી કરી દેવાતા કૌભાંડની આશંકા

ધેજ :કાવેરી સુગરની સાદડવેલ ગામે આવેલી જમીન હરાજી બાદ ખાનગી કંપનીને કબ્જો સોંપવાની હિલચાલથી અને ૩૬-વર્ષના લાંબા ગાળા દરમ્યાન પણ ભાજપ સરકાર કાવેરી સુગર શરૂ કરવામાં નિષ્ફળ રહેતા આદિવાસી ખેડૂતોમાં રોષની લાગણી પર્વતી છે. ચીખલી ઉપરાંત ખેરગામ, વાંસદા અને ડાંગ જિલ્લાના ખેડૂતો માટે જીવાદોરી સમાન કાવેરી સુગર ભાજપના શાસનમાં ઉભી ન થતા ખેડૂતોની આશા પર પાણી ફરી વળ્યું છે. ત્યારે દિવસે દિવસે લોકોમાં આક્રોશ વધી રહ્યો છે. સત્તાના મોહમાં છકી ગયેલા સત્તાધારી ભાજપ પક્ષને આગામી ચૂંટણીમાં પાઠ ભણાવવા લોકો મનોમન નક્કી કરી રહ્યા છે. ઉપરોક્ત સ્થિતિમાં સાદડવેલ અને આસપાસના ગામોના શેર ધારકો, ખેડૂતો દ્વારા કાવેરી સુગરની જમીનની હરાજી રદ કરી કાવેરી સુગર શરૂ કરવા માટે આવેદનપત્ર પાઠવી કાવેરી સુગર બચાવવા લડત શરૂ કરી છે. કાવેરી સુગરની જમીન અને બાંધકામનું ૧૩૦-કરોડ રૂપિયાની આસપાસની વેલ્યુએશન હોવા છતાં ૭૦-કરોડ રૂપિયા વેલ્યુએશન બતાવી માત્ર ૫૯-કરોડ રૂપિયાની આસપાસની રકમમાં જ હરાજી કરી દેવાતા સમગ્ર હરાજીની પ્રક્રિયામાં એનસીડીસી સામે સવાલો વચ્ચે કૌભાંડની આશંકા સેવાઈ રહી છે.

વિસ્તારમાં સાંસદ-ધારાસભ્યો ભાજપના છતાં ભાજપ સરકારે દરકાર લીધી નહીં

કાવેરી સુગરમાં વિસ્તારમાં આવતા નવસારી અને વલસાડ-ડાંગના સાંસદ ભાજપના છે તો ચીખલી-ગણદેવી-ધરમપુર અને ડાંગમાં ધારાસભ્યો પણ ભાજપના છે. બીજી તરફ કાવેરી સુગરના બોર્ડમાં પણ તમામ સભ્યો ભાજપના આગેવાનો હોવા છતા ભાજપ સરકાર દ્વારા કોઈ જ દરકાર ન લેવાતા અમે આદિવાસી ખેડૂતોની ચિંતા ન કરવામાં આવતા સમગ્ર વિસ્તારમાં લોકરોષ આસમાને છે.

બીજી કોઈ કંપનીને અમારા ગામમાં પ્રવેશવા દઇશું નહીં

સાદડવેલના પંકજભાઇના જણાવ્યાનુસાર અમારા સ્થાનિકો દ્વારા કાવેરી સુગર બચાવવા શનિવારના રોજ એક દિવસના પ્રતિક ધરણા યોજી સરકારની આંખ ઉઘાડવાનો પ્રયાસ કરાશે. સરકાર દ્વારા અમારી માંગણી ન સ્વીકારી કાવેરી સુગર ચાલુ કરવામાં નહીં આવશે તો સ્થાનિકો બીજી કોઈ કંપનીને અમારા ગામની જમીનમાં પ્રવેશવા દઇશું નહીં અને અમારી લડત ચાલુ જ રહેશે.

સંક્ષિપ્ત સમાચાર

ઓલગામની મહિલા બુટલેગર પાસામાં

વલસાડ : દમણથી ગુજરાતમાં ઇંગ્લિશ દારૂની હેરાફેરી કરનાર મહિલા બૂટલેગરને પાસા હેઠળ અટકાયતમાં લઈ તેણીને અમદાવાદ જેલમાં રવાના કરી છે. આરોપી મયુરીબેન શંકર મગન પટેલ, ઓલગામની રહેવાસી છે. તે ઇંગ્લિશ દારૂની ગેરકાયદે હેરફેર કરતી હતી. પોલીસે તેના મોબાઇલ નંબરો પર નજર રાખી પાસા મંજૂર કરવા માટે જરૂરી કાગળ એકત્રિત કરી પાસાની અરજી તૈયાર કરી હતી. તેને મંજૂરી મળતા તેણીને અમદાવાદ રવાના કરી દીધી હતી. પોલીસે જણાવ્યું છે કે, આરોપી સાથે વલસાડ જિલ્લામાં નોંધાયેલા ગેરકાયદે સંબંધિત દારૂના ચાર કેસ જોડાયેલા છે. આ કેસમાં કુલ ૭,૪૩૨ બોટલ જપ્ત કરવામાં આવી હતી, જેની કુલ બજાર કિંમત લગભગ રૂપિયા ૧૬,૦૬,૨૫૦ છે.

ભીલાડ, વાપીના ગુનામાં 10 વર્ષથી ફરાર આરોપી ઝડપાયો

ઉમરગામ: ભીલાડ અને વાપી પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ ગુનામાં દસ વર્ષથી ફરાર આરોપીને ઝડપી પાડવામાં આવ્યો છે. ભીલાડ પોલીસ સ્ટેશનમાં પ્રોહિબીશનના ગુનામાં અને વાપી ટાઉન પોલીસ સ્ટેશન ફર્સ્ટ પાર્ટ ગુ.ર. નંબર 03/2017ઈપીકો કલમ 465, 468, 471, 120 બી મુજબના ગુનાના કામના વોન્ટેડ આરોપી વિજય સુરેશ નિકમ (ઉ.વ.43, હાલ રહે., સ્વામી સમર્થ રો હાઉસ, કામથવાડા અંબડ, જિ.નાશિક, મહારાષ્ટ્ર, મૂળ ધુલે)ને બાતમીના આધારે ભીલાડ નજીકના વલવાડાથી ઝડપી પાડવામાં આવ્યો હતો. વધુ તપાસ ભીલાડ પોલીસ કરી રહી છે.

કિશોરી સાથે દુષ્કર્મ કેસમાં છેલ્લા શ્વાસ સુધીની કેદ

યુવાને પોતાના મિત્રની મદદથી કિશોરીનું અપહરણ કરી ગયો હતો અને તેની સાથે દુષ્કર્મ ગુજાર્યું હતુ

વલસાડ : કપરાડાના એક ગામની 16 વર્ષની કિશોરીને ભગાડી જવાની ઘટનામાં બે યુવાનો વિરૂદ્ધ ધરમપુરની પોક્સોની સ્પેશ્યલ કોર્ટમાં કેસ ચાલ્યો હતો. આ કેસમાં સરકાર તરફે ડીજીપી અનિલ ત્રિપાઠીની દલીલ ગ્રાહ્ય રાખી જજ એમ. એ. મિર્ઝાએ આરોપીને દોષિત ઠેરવી તેને અંતિમ શ્વાસ સુધીની સજા ફટકારતો હુકમ કર્યો હતો. જ્યારે તેના મિત્રને શંકાનો લાભ આપી છોડી મુકાયો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, આ કેસ ચાલી રહ્યો હતો, ત્યારે મુખ્ય આરોપી જેલમાંથી ભાગી ગયો હતો.

આ કેસની વિગત એવી છે કે, કપરાડાના એક ગામમાં રેહતી 16 વર્ષની કિશોરીને સિલ્વા ગામનો ફીરોઝ કાશીમામ તુમડા અને તેના મિત્ર ઉત્તમ ભવાન ભોયાની મદદથી તેને બાઇક પર બેસાડી બળજબરીથી ભગાડી ગયો હતો. ત્યારબાદ ફિરોઝે તેની સાથે દુષ્કર્મ આચર્યું હતુ. આ ઘટનાની જાણ થતાં કિશોરીના પિતાએ કપરાડા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જેના પગલે પોલીસે ફિરોઝ અને તેને મદદ કરનાર ઉત્તમની ધરપકડ કરી હતી. આ બંને વિરૂદ્ધ ધરમપુરની સ્પેશ્યલ પોક્સો કોર્ટમાં કેસ ચાલ્યો હતો. આ કેસ પેન્ડીંગ હતો, ત્યારે જ ફિરોઝ ભાગી ગયો હતો. ત્યારબાદ આ કેસની સૂનાવણી આજરોજ પૂરી થઇ હતી. જેમાં જજે ફિરોઝને દોષિત ઠેરવી તેને અંતિમ શ્વાસ સુધીની સજા ફટકારતો હુકમ કર્યો હતો. જ્યારે તેના મિત્રને શંકાનો લાભ આપી છોડી દીધો હતો. ફિરોઝને સજા ઉપરાંત રૂપિયા 10 હજારનો દંડ પણ ફટકાર્યો હતો. ઉપરાંત બાળકીને રૂપિયા 1 લાખ વળતર સ્વરૂપે ચૂકવવાનો પણ હુકમ આ ચૂકાદામાં કર્યો હતો.

ડાંગમાં ભારે વરસાદથી ધોવાયેલા રોડના ઘાટ સેક્શનનું કામ શરૂ

પીંપરી-ભેંસકાતરી માર્ગ પર માટી ધોવાણ અને ભૂસ્ખલન અટકાવવા માટે કાઉન્ટર-ફોર્ટ રિટેનિંગ વોલની કામગીરી પૂર્ણતાના આરે : કાર્યપાલક ઈજનેર

ગિરીશ ભોયે

સાપુતારા : તાજેતરમાં પડેલા કમોસમી વરસાદ બાદ રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ દ્વારા રોડ રસ્તાની કામગીરી તાકીદે પૂર્ણ કરવા સૂચના આપી છે. ત્યારે ડાંગ જિલ્લાના માર્ગ અને મકાન વિભાગ રાજ્યના કાર્યપાલક ઈજનેર કેતન કુંકણાના માર્ગદર્શન હેઠળ માર્ગ સલામતી માટે રોડ રસ્તાની વિવિધ કામગીરી હાથ ધરવામાં આવેલી છે. ડાંગમાં પડેલા કમોસમી વરસાદથી પીંપરી કાલીબેલ ભેંસકાત્રી રોડના ઘાટ સેક્શનનું ધોવાણ થયેલું હતું. જેથી માર્ગ અને મકાન (રાજ્ય) વિભાગ દ્વારા યુધ્ધના ધોરણે માર્ગની મજબૂતી અને પરિવહન સુરક્ષિત અને સુગમ્ય બને તે હેતુથી કાઉન્ટર-ફોર્ટ રિટેનિંગ વોલનું નિર્માણ કાર્ય ઝડપી ગતિએ ચાલુ કરવામાં આવેલું છે. તેમજ આ કામગીરી હાલ પૂર્ણતાના આરે છે. તેમ ડાંગના કાર્યપાલક ઈજનેર કેતન કુંકણા દ્વારા જણાવવામાં આવેલું છે. વધુમાં આ વિસ્તારની ભૌગોલિક સ્થિતિને ધ્યાનમાં લેતાં, વરસાદી ઋતુ દરમ્યાન માટી ધોવાણ અને ભૂસ્ખલન અટકાવવા માટે આ દિવાલનું નિર્માણ અત્યંત આવશ્યક હોય છે. આધુનિક ઈન્જિનિયરિંગ તક્નિકના ઉપયોગથી તૈયાર થતી આ રિટેનિંગ વોલ પૂર્ણ થવાથી રોડની ધાર મજબૂત બનશે, વાહનવ્યવહાર સુરક્ષિત બનશે અને નાગરિકોને આરામદાયક અને ટકાઉ માર્ગ સુવિધા મળશે તેમ કેતન કુંકણાએ વધુ વિગતો આપતાં જણાવ્યું હતુ. ઉલ્લેખનીય છે કે, માર્ગ અને મકાન (રાજ્ય) વિભાગ ડાંગના અધિકારીઓ દ્વારા કામની ગુણવત્તા, સલામતી અને સમયમર્યાદા સાથે પૂરું થાય તે માટે સતત દેખરેખ રાખવામાં આવી રહી છે. તેમજ આ પ્રોજેક્ટ ડાંગ વિસ્તારના હિલી રીજનમાં ટકાઉ વિકાસ અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર સુધારણા માટે મહત્વપૂર્ણ સાબિત થશે.

Vapi Green Enviro Limited - Tender Notice

"Tender for Selling of various type of Scrape. Interested parties are requested to visit CETP Site and submit offer in Sealed Envelope on or before 26-11-2025. For more details download the tender documents from www.vgelvapi.com or e-mail to dgm.purchase@vgelvapi.com or call 9714000828

HDFC BANK We understand your world

રજીસ્ટર્ડ ઓફિસ : એચડીએફસી બેંક હાઉસ, સેનાપતિ બાપટ માર્ગ, લોઅર પરેલ (પશ્ચિમ), મુંબઈ-૪૦૦ ૦૧૩ અને

જેની એક ઓફિસ : રીટેઇલ પોર્ટફોલીયો મેનેજમેનેજમેન્ટ તરીકે : એચડીએફસી બેંક લિ. ૧લો માળ,આઈ-થીંક ટેક્નો કેમ્પસ કાંજુરમાર્ગ (પૂર્વ), મુંબઈ-૪૦૦ ૦૪૨ ખાતે છે.

એચડીએફસી બેંક લિમિટેડને ગીરવે મુકેલી સિકયોરિટીઝના વેચાણ માટેની માહિતી અને જાહેર સૂચના

એચડીએફસી બેંક લિમિટેડ (બેંક) ના નીચે દર્શાવેલ લોનધારકોને બેંક પાસે સિકયોરિટીઝ સામે લોન / ઓવરડ્રાફટની ક્રેડિટ સુવિધાઓ મેળવવા ગીરવે મુકેલી સિકયોરિટીઝના વેચાણ અંગે સૂચિત કરવામાં આવે છે.

લોનની શરતો અનુસાર બાકી લેણાંની ચુકવણી કરવામાં લોન લેનારાઓ દ્વારા સતત કસુર થવાના કારણે, નીચેના લોન ખાતા અપરાધની સ્થિતિમાં છે. બેંક દ્વારા આ લોનધારકોને વારંવાર નોટીસો જારી કરી છે, જેમાં નીચે દર્શાવેલ તારીખે અંતિમ વેચાણની નોટીસનો સમાવેશ થાય છે. જેમાં નીચે જણાવેલ ખાતાઓમાં બાકી રહેલ તમામ લેણાંની ચુકવણી કરવા માટે લોન લેનારને ૭ દિવસનો સમય આપ્યો હતો, લોન લોનાર જેમાં નિષ્ફળ થયા હોવાથી આ સંબંધમાં વધુ નોટીસ આપ્યા વિના ગીરવે મુકેલી સિકયોરિટીઝ વેચવા માટે બેંક સ્વતંત્ર હશે.

લોન લેનારાઓએ અવગણના કરી છે અને બાકી ચૂકવણી કરવામાં નિષ્ફળ ગયા છે, તેથી બેંક દ્વારા લોન કરાર હેઠળ તેના અધિકારોનો ઉપયોગ કરી **તા.૨૦ મી નવેમ્બર ૨૦૨૫** ના રોજ અથવા તે પછી લોન લેનારાઓની લોનના બાકી લેણાંની વસૂલાત માટે સિકયોરિટીઝનું વેચાણ / નિકાલ કરવાનો નિર્ણય લીધો છે. લોન લેનારાઓને પણ સૂચિત કરવામાં આવે છે કે, જો કોઈપણ સમયે, માર્જીનની જરૂરિયાતમાં શેરબજારની અસ્થિરતાને કારણે વધુ ઉણપ ઉભી થાય અને ગીરવે મુકેલી સિકયોરિટીઝનું મૂલ્ય વધુ ઘટે તો બેંક આ સંદર્ભમાં વધુ સૂચના આપ્યા વિના તેની વિવેકબુદ્ધિથી ગીરવે મુકેલ સિકયોરિટીઝને એક(૧) કેલેન્ડર દિવસની અંદર વેચશે. ગીરવે મુકેલી સિકયોરિટીઝના વેચાણમાંથી મળેલ રકમના એડજસ્ટમેન્ટ બાદ, બેંકને બાકી રહેલી રકમની ચૂકવણી કરવા માટે લોન લોનાર જવાબદાર રહેશે.

અ. નં.	લોન ખાતા નંબર	દેવાદારનું નામ	૧૦ મી નવેમ્બર ૨૦૨૫ ના રોજની બાકી રકમ	વેચાણ નોટીસની તારીખ
૧	XXXXXXXXXX0180	રાજીવ ગૌતમ	૪,૨૫,૮૬૦.૦૦	૧૧-૧૧-૨૦૨૫
૨	XXXXXXXXXX2981	ભરતભાઈ લાલાભાઈ પટેલ	૮,૯૨,૫૪૬.૮૨	૧૧-૧૧-૨૦૨૫
૩	XXXXXXXXXX6360	ભદ્રેશ ચંદ્રકાન્ત રાવલ	૨,૬૧,૭૩૨.૦૦	૧૧-૧૧-૨૦૨૫

તા. : ૧૩.૧૧.૨૦૨૫ સહી/-

સ્થળ : દાદરા અને નગર.હવેલી અને દમણ અને દીવ એચડીએફસી બેંક લિ.

હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ

HeroHousing Finance

નોંધણી કાર્યાલય: ૦૯, કોમ્યુનિટી સેન્ટર, બસંત લોક, વસંત વિહાર, નવી દિલ્હી - ૧૧૦૦૫૭, શાખા કાર્યાલય: દુકાન નં. 3, બીજો માળ, પાશ્વનાથ શોપિંગ સેન્ટર, રેવેનુ સુરેવી નં. ૧૧૫/૧, પૈકી પ્લોટ નં. -૧, નવસારી, ગુજરાત. પિન ૩૬૬૪૪૫.

સ્થાવર મિલકતના વેચાણ માટે જાહેર નોટિસ (ઈ-હરાજી)
[સિક્યોરિટી હિત (અમલીકરણ) નિયમો, ૨૦૦૨ના નિયમ ૯(૧) હેઠળ]

નાણાકીય સંપત્તિના સિક્યોરિટી અને પુનર્નિર્માણ અને સિક્યોરિટી હિત અધિનિયમ, ૨૦૦૨ હેઠળ હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (સુરક્ષિત ક્રેડિટર) પાસે ગીરવે મૂકેલી સ્થાવર મિલકતના વેચાણ માટેની નોટિસ. આ દ્વારા સામાન્ય રીતે જાહેર જનતાને અને ખાસ કરીને ઉધાર લેનાર(ઓ) અને ગેરેંટી આપનાર(ઓ) અથવા તેમના કાનૂની વારસદારો/પ્રતિનિધિઓને નોટિસ આપવામાં આવે છે કે નીચે વર્ણવેલ સ્થાવર મિલકતો સુરક્ષિત લેણદારને ગીરવે મૂકવામાં/ચાર્જ કરવામાં આવી છે, જેનો કબજો હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ (સુરક્ષિત લેણદાર)ના અધિકૃત અધિકારી દ્વારા લેવામાં આવ્યો છે,. ૨૯-નવેમ્બર-૨૦૨૫ (ઈ-હરાજી તારીખ)ના રોજ નીચે જણાવેલ દેવાદારો, સહ-દેવાદારો અથવા ગેરેંટરો પાસેથી બાકી લેણાંની વસૂલાત માટે "જ્યાં છે ત્યાં", "જેમ છે તેમ" અને "જે કંઈ છે"ના આધારે વેચવામાં આવશે. અનામત કિંમત અને અર્નેસ્ટ મની ડિપોઝિટ નીચે દર્શાવેલ છે. જાહેર ઈ-હરાજીમાં ભાગ લેવા માટે EMD ડિમાન્ડ ડ્રાફ્ટ/RTGS/NEFT દ્વારા બિડ ફોર્મ સાથે કરવાની રહેશે, જે હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડના અધિકૃત અધિકારીને ૨૮-નવેમ્બર-૨૦૨૫ ના રોજ અથવા તે પહેલાં સાંજે ૫ વાગ્યા સુધી શાખા કાર્યાલય: દુકાન નં. ૩, બીજો માળ, પાશ્વનાથ શોપિંગ સેન્ટર, રેવેનુ સુરેવી નં. ૧૧૫/૧, પૈકી પ્લોટ નં. -૧, નવસારી, ગુજરાત પિન ૩૬૬૪૪૫ ખાતે સુપરત કરવાની રહેશે.

લોન એકાઉન્ટ નંબર	ઋણ લેનાર(ઓ)/ સહ-ઋણ લેનાર(ઓ)/ ગેરન્ટર(ઓ)/ કાનૂની વારસદાર/ કાનૂની પ્રતિનિધિ	ડિમાન્ડ નોટિસની તારીખ/તારીખ મુજબની રકમ	કબજાનો પ્રકાર (રચનાત્મક/ ભૌતિક હેઠળ)	અનામત કિંમત	અર્નેસ્ટ મની
HHFNVSHOU ૨૨૦૦૦૨૫૧૪૨, HHFNVSIPL ૨૨૦૦૦૨૫૧૪૪	અબ્બાસ સુલેમાન ખલીફા	૨૫/૧૧/૨૦૨૪, ૧૦/૧૧/૨૦૨૫ના રોજ રૂ. ૧૮,૪૫,૬૯૭/-	ભૌતિક	રૂ. ૧૨,૦૦,૦૦૦/-	રૂ. ૧,૨૦,૦૦૦/-

મિલકતનું વર્ણન:-
સ્થાવર જમીન ધરાવતા પ્લોટ નં. જી-૧૫૦ના બધા ટુકડા અને પાર્સલ, ૪૭.૨૬૦ ચોરસ મીટર માપન, ગ્રાઉન્ડ ફ્લોર અને પહેલો માળ કરારબદ્ધ કુલ એકમિન ૧૦૫.૦૦ ચોરસ મીટર, "શ્યામ નગર -૨" તરીકે ઓળખાય છે, ગ્રામ પંચાયત રેગ. મકાન નં. ૧૧૨૩, મહેસૂલ સર્વે/બ્લોક નં. ૪૯૫, (જૂનો સર્વે/બ્લોક નં. ૪૯૫+૪૬૬+૪૯૮) પૈકી, (નવો બ્લોક/સર્વે નં. ૧૦૨૨) મોજે ગામ વાગરેચ, પેટા જિલ્લો ગણદેવી, જિલ્લો નવસારી, ગુજરાત રાજ્યમાં સ્થિત છે. મિલકત સીમા: ઉત્તર: પ્લોટ નં. ૧૪, દક્ષિણ: પ્લોટ નં. ૧૬, પૂર્વ: ખુલ્લી જમીન, પશ્ચિમ: રોડ.

નિયમો અને શરતો:
ઈ-હરાજી પોર્ટલ https://bankeauctions.com દ્વારા ૨૯ નવેમ્બર ૨૦૨૫ (ઈ-હરાજી તારીખ)ના રોજ સવારે ૧૧:૦૦ વાગ્યા પછી થશે અને દરેક ૧૦ મિનિટનો મર્યાદિત એક્સટેન્શન આપવામાં આવશે.
ઇચ્છુક ખરીદદારો / બોલી લગાવનારાઓએ "હીરો હાઉસિંગ ફાઇનાન્સ લિમિટેડ"ના પક્ષમાં RTGS/NEFT અથવા ડિમાન્ડ ડ્રાફ્ટ/RTGS/NEFT દ્વારા EMD રકમ જમા કરાવવાની રહેશે. ઈ-હરાજી પૂર્ણ થયા પછી અસફળ બોલી લગાવનારાઓને EMD રકમ પરત કરવામાં આવશે.
ઈ-હરાજીના નિયમો અને શરતો:
(1) ઈ-હરાજી "જ્યાં છે ત્યાં" અને "જેમ છે તેમ" અને "જે કંઈ છે" અને "વિથઆઉટ રિકોર્સ"ના આધારે અ